**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૦ ટકા

# આજે વાજતે-ગાજતે શહેરમાં શ્રીજી પધારશે

## આજથી ગણેશોત્સવનો ધામધૂમથી પ્રારંભ : ડીજે સાથે ઢોલ-નગારાના તાલે વિધ્નહર્તાના તેડાં કરાશે : વિવિધ સાર્વજનિક આયોજન સાથે અનેક શ્રધ્ધાળુઓના ઘરે પણ ગણેશ સ્થાપન કરાશે



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં ગુરુવારે વિધ્નહર્તા ગજાનંદ ગણપતિજીની હેતભરી પધરામણી થવાની છે અને તેમને આવકારવા સમગ્ર શહેરના શ્રધ્ધાળુ ભાવિકોના ઉરમાં આસ્થાના અમી ઉભરાઈ રહ્યાં છે. શહેરમાં ૬ જેટલા સાર્વજનિક આયોજન ઉપરાંત દરેક સેકટરની તથા ન્યુ ગાંધીનગર વિસ્તારોની સોસાયટીઓમાં ગણપતિનું સ્થાપન કરાશે. વાજતે ગાજતે વિધ્નહર્તા શ્રધ્ધાળુઓના ઘરે પણ પધરામણી કરશે.

ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસથી શહેરમાં ગણેશોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં શહેરના અનેક શ્રધ્ધાળુ પરિવારો પોતાના ઘરમાં ગણેશજીનું સ્થાપન કરશે. ગણેશજીનું સ્થાપન શ્રધ્ધાળુઓ પોતાની ભકતિ શકિત અનુસાર દોઢ દિવસથી માંડીને ૫ દિવસ, ૭ દિવસ અને ૧૦ દિવસ માટે કરશે. જેમાં દરરોજ સવાર-સાંજ આરતી-પૂજા તથા ભજન કિર્તન અને વિવિધ પ્રસાદ ભોગના આયોજન કરશે. આ સાથે સેકટરો તથા ન્યુ ગાંધીનગરના ફલેટસ કે ટેનામેન્ટસની સોસાયટીઓમાં પણ ગણેશ ઉત્સવના આયોજન હાથ ધરાયા છે. ગણેશચતુર્થીના દિવસે શુભ ચોઘડીયામાં ગણપતિજીની મૂર્તિને વાજતે ગાજતે શોભાયાત્રા સાથે લાવી સ્થાપન કરાશે જેમાં બાળકો અને યુવા વર્ગમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરમાં ૬ જેટલા સાર્વજનિક ગણેશ મહોત્સવના પણ આયોજન હાથ ધરાયા છે જેમાં દરરોજ રાત્રે ડાયરો, ભકિતસંગીત, ઓરકેસ્ટ્રા નાઈટ, હાસ્ય દરબાર, ડાન્સ-નૃત્ય પરફોર્મન્સ, મિમિક્રી, રાસ ગરબા, નાટક તથા ટેલેન્ટ શૉ ઉપરાંત તેજસ્વી તારલાઓના સન્માન જેવા કાર્યક્રમોનું આયોજન આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

**● સાર્વજનિક ગણેશોત્સવ સે-૨૨**

સવારે ૧૦ વાગે મહાઆરતી અને શોભાયાત્રા સાથે શ્રીજીની પધરામણી કરાશે. રાત્રે ૮ કલાકે રાજયપાલ ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. અહીં ૭ દિવસના ગણેશોત્સવમાં બેસ્ટ સીંગર ઓફ સીટી, ડાયરો, મ્યુઝિકલ નાઈટ, ટેલેન્ટ શૉ ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા આકર્ષણોનું આયોજન કરાયું છે.

**● સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ**

સેકટર-૩-ડીમાં નવરાત્રિ ચોક ખાતે યુવક મિત્ર મંડળ આયોજિત ગણેશ મહોત્સવનો સવારે ૮ કલાકે શોભાયાત્રા સાથે પ્રારંભ થશે. અહીં રાસ-ગરબાની રમઝટ ઉપરાંત કસુંબલ ડાયરો, મા-બાપને ભૂલશો નહીં, મ્યુઝિકલ નાઈટ, હાસ્યવંતો ડાયરો ઉપરાંત ૧૦૦૮ લાડુ સાથે મહાગણેશ યાગ જેવા ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે.

**● સેકટર-૨-સી ગણેશ ચોક**

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા સે-૨-સી ગણેશ ચોક ખાતે આયોજિત ૭ દિવસીય ઉત્સવમાં બાળકોને મોટીવેશન, ડાન્સ જેવા કાર્યક્રમો સાથે તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે. અહીં નટુભાઈ પટેલ, ભાઈલાલ દસાડીયા તેમજ હરપાલસિંહ ઝાલા જેવા હાસ્ય કલાકારો ઉપરાંત અમિતાભ બચ્ચન સહિતના ફિલ્મ સ્ટારોના ડુપ્લીકેટ આર્ટિસ્ટોની મિમિક્રી જેવા કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બનશે.

**● સે-૫-બી વિનાયક યુવક મંડળ**

સે-૫-બી વિનાયક ચોક ખાતે આયોજિત ગણેશ મહોત્સવમાં પણ ભજન, બાળકો માટે ચેસ, સંગીતખુરશી, લીંબુ ચમચી, દોરડા કૂદ, ચિત્ર સ્પર્ધા, નાટક, આનંદનો ગરબો, ટેલેન્ટ શૉ, સમુહ આરતી તેમજ ભવાઈ અને રાસ ગરબા યોજાશે.

**● સે-૫ જય ગોગા યુવક મંડળ**

સે-૫-બીમાં શોપીંગ સેન્ટર ખાતે આયોજિત ગણેશ મહોત્સવમાં આનંદનો ગરબો, શિવ મહિમા, નાટક, ભજન, સુંદરકાંડ, સત્યનારાયણ કથા, મફત નિદાન કેમ્પ જેવા સેવા કાર્યો પણ હાથ ધરાશે.

**● સે-૧૬ બ્રહ્મસમાજ ભવન**

સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં આયોજિત ૭મા ગણેશ મહોત્સવમાં અરવિંદ શુકલની કોમેડી નાઈટ ઉપરાંત મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા, લોકડાયરો અને સાહિત્ય હાસ્ય કલાકારના કાર્યક્રમો યોજાશે.

---

# એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળામાં ઈકો ફ્રેંડલી મૂર્તિનું વિતરણ



ગાંધીનગર, તા.૧૨

એસ.જી..અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ચિત્ર શિક્ષક પંકજભાઈના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ પ્રદૂષણ મુક્ત પર્યાવરણ થાય તે હેતુથી ઈકો ફ્રેંડલી મુર્તિ બનાવી હતી. આ મૂર્તિઓ બાળકને વિતરણ કરવામાં આવી હતી. આ મૂર્તિનું વિતરણ બાળકોને ડ્રો સિસ્ટમ દ્વારા કરવામાં આવ્યું હતું અને બાળકોને પ્રતિજ્ઞા લેવડાવી હતી કે અમે હવે 'પ્લાસ્ટર ઓફ પેરિસ'ની મૂર્તિની જગ્યાએ માટીની મુર્તિનો ઉપયોગ કરીશું. પી.ઓ.પી.થી થતાં પાણીના પ્રદૂષણને અટકાવવા માટે આ શાળા તરફથી સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

---

# અપહરણ અને બળાત્કારના ગુનામાં વોન્ટેડ આરોપી સરઢવથી પકડાયો

## સરઢવના યુવાને ઇન્સ્ટાગ્રામ પરથી ખંભાતની એક સગીરાને ફ્રેન્ડ બનાવી આ ગુનો આચર્યો હતો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર નજીક આવેલા સરઢવ ગામમાં રહેતા એક યુવાને ઈન્સ્ટાગ્રામ સોશિયલ મિડીયા એપ પરથી ખંભાતની એક સગીર વયની કિશોરીને ફ્રેન્ડ બનાવી હતી અને ત્યારબાદ પોતાનો મોબાઈલ નંબર આપી લલચાવી-ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદે ભગાડી જઈ બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે યુવાન સામે ખંભાત પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. અપહરણ અને બળાત્કારના ગુનામાં નાસતો-ફરતો આ સરઢવ ગામનો આરોપી ગઈ કાલે ગાંધીનગર એસીબીની ટીમના સકંજામાં આવી ગયો હતો. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી ખંભાત પોલીસને સોંપવા કાર્યવાહી શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતને સૂચનાથી તેમની ટીમ અલગ-અલગ ગુનામાં નાસતા ફરતા




આરોપીઓને પકડવા સક્રિય થયેલી છે ત્યારે ગઈકાલે પી.એસ.આઈ એચ.કે.સોલંકીની ટીમે ચોક્કસ માહિતીને આધારે ખંભાત પોલીસ મથકના અપરણ તથા બળાત્કાર અને પોકસોના ગુનામાં નાસતા ફરતા સરઢવના પ્રજાપતિ વાસના આરોપીને પકડી પાડયો હતો. સરઢવથી નારદીપુર જવાના રસ્તા પર જઈ રહેલા આરોપી આશિષ મનુભાઈ રબારીને એલસીબીની ટીમે પકડી પાડી તેની અટકાયત કરી લીધી હતી. મળતી વિગત મુજબ આરોપી આશિષ રબારીએ આજથી છ એક મહિના પહેલા ઈન્સ્ટાગ્રામ સોશિયલ મીડિયા એપ્લિકેશન મારફતે ખંભાતની એક કિશોરી સાથે મિત્રતા કરી હતી. ત્યારબાદ તેને પોતાનો મોબાઈલ નંબર આપીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી જઈ બળાત્કાર ગુજાર્યો હતો. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાત પોલીસ મથકમાં સગીરાના અપહરણ અને બળાત્કાર સંદર્ભે ગુનો દાખલ થયો હતો. જેમાં આરોપી આશિષ રબારી નાસતો ફરતો હતો. એલસીબીની ટીમે તેની અટકાયત કરી ખંભાત પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

---

# સિવિલમાં સ્વાઈન ફલુનો વોર્ડ ઉભો કરાયો

ગાંધીનગર, તા.૧૨

રાજયમાં સતત ભેજવાળા વાતાવરણને પગલે સ્વાઈન ફલુ કયાંક દેખા દેતા આરોગ્ય વિભાગ દોડતુ થઈ ગયું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ સ્વાઈન ફલુના દર્દીઓ માટે ખાસ આઈસોલેશન વોર્ડ ઉભો કરાયો છે અને તે માટે ડોક્ટર, નર્સ તેમજ વર્ગ-૪ ના કર્મચારીઓ સહિતનો સ્ટાફ તૈનાત કરી દેવાયો છે. જયારે સેકટર-૬ ખાતે ચિકનગુનિયાનો એક દર્દી સામે આવતા તંત્ર હરકતમાં આવી ગયું છે. સિવિલમાં એક અઠવાડીયામાં મેલેરીયાના ૩૧ અને ડેન્ગ્યુના ૧૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં રોગચાળો બેકાબુ બની રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. રોગચાળાને નાથવા માટે આરોગ્ય વિભાગ જોરશોરથી કામગીરી કરી રહ્યું છે. શહેરી વિસ્તારમાં મેલેરીયા, ટાઈફોઈડ અને ડેન્ગ્યુના કેસ સામે આવતા તંત્રએ કમરકસી છે. મેલેરીયાની ટીમ ડોર-ટુ-ડોર સર્વેલન્સની કામગીરી કરી રહી છે. ત્યારે ગાંધીનગરને અડીને આવેલા અન્ય જિલ્લામાંથી સારવાર માટે આવેલ પુરુષનો સ્વાઈન ફલુનો રીપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર દોડતું થઈ ગયું છે. એચવનએનવન વાઈરસ હોસ્પિટલમાં અન્ય દર્દીઓમાં ન ફેલાય તે માટે સ્વાઈન ફલુ ના દર્દીને અલગથી સારવાર આપવાની આરોગ્ય તંત્રએ તાકીદ કરી હતી. જેથી સિવિલ તંત્રએ સ્વાઈન ફલુના દર્દી માટે તાત્કાલીક ડી-૩ આઈસોલેશન વોર્ડ ઉભો કરાયો છે. જેમાં ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ સહિત વર્ગ-૪ ના કર્મચારીઓ સહિતનો સ્ટાફ ગોઠવી દેવાયો છે. ત્યારે છેલ્લા એક સપ્તાહમાં ગાંધીનગર સિવિલમાં મેલેરીયાના-૩૨, ડેન્ગ્યુના-૧૭, સાદા તાવના-૧૨૪, કમળાના-૫, ટાઈફોઈડના-૧૮ અને ઝાડા-ઉલ્ટીના-૧૭૧ કેસ નોંધાવા પામ્યા છે.

---



ગાંધીનગરમાં લગભગ દરેક સેકટરમાં રહીશો રખડતા કૂતરાંઓથી ત્રાહીમામ છે. આ રખડતાં કૂતરાં અચાનક જ પાછા પડે ત્યારે બાળકો અને વડીલોની હાલત કફોડી તેમજ દયનીય બની જાય છે ત્યારે રહીશો દ્વારા એક નવો તુક્કો અજમાવવામાં આવ્યો છે. ઘરના આંગણાની બહાર પ્લાસ્ટિકની બોટલમાં ગળી વાળું પાણી ભરી મૂકવામાં આવી રહ્યું છે જેથી કુતરાઓ નજીક ના આવે અને તેમને ત્રાસ ઓછો થાય. આ તુક્કો કેટલો કારગત નીવડે છે એ તો ખબર નથી પરંતુ સેકટરોમાં ઘણી જગ્યાએ આવી પ્લાસ્ટિકની બોટલો જોવા મળે તો નવાઈ ન પામતા.

---

# સરકાર વિરૂધ્ધ પડતર પ્રશ્નો અંગે કર્મચારીઓના સુત્રોચ્ચાર

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા આજ રોજ ગાંધીનગર ખાતે રાજય સરકારના તમામ સંઘ, ફેડરેશન, મહાસંઘના હોદેદારો તથા કર્મચારીઓએ જુના સચિવાલય કેન્ટીન આગળ આંદોલનના પ્રથમ ચરણમાં સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી પોતાનો રોષ ઠાલવ્યો છે. ત્યારે બાદ સંઘ, ફેડરેશન તેમજ મહાસંઘના હોદેદારોની એક બેઠક યોજાઈ હતી. જેમાં કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ રાજય સરકાર દ્વારા



આપવામાં આવ્યો નથી, તેની વિસ્તૃત ચર્ચા કરી હતી. આગામી ટુંક સમયમાં જિલ્લામાં રેલીઓ-સભાઓ યોજવાના કાર્યક્રમો ઘડી કાઢી આંદોલનને સક્રિય રીતે આગળ વધારવા માટે સંકલન સમિતિના હોદેદારોને સતા આપવામાં આવી હતી. આ પ્રસંગે કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ, ગુ.રા.કર્મચારી મહામંડળના પ્રમુખ આર.એચ.પટેલ, મહામંત્રી સંજય પટેલ, ગુ.રા.ગે.અ.ફે.ના પ્રધ્યુમનસિંહ વાઘેલા, વર્ગ-૪ મંડળના પ્રવિણ સોલંકી, મહાનગર પાલિકા કર્મચારી મંડળના ડી.આર.દેવમોરારી, સહિતના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

---

# દુંદાળા દેવની કલાત્મક મૂર્તિ ખરીદવા બજારમાં ભીડ

## મોટું-પતલું, બાહુબલી અને ડાયમંડ વર્કથી સુશોભિત મૂર્તિઓ પ્રત્યે ભાવિકોનું વિશેષ આકર્ષણ



ગાંધીનગર, તા.૧૨

ગણેશ ચતુર્થીના પાવન દિવસની પૂર્વ સંધ્યાએ બજારમાં દુંદાળા દેવની મૂર્તિની ખરીદી કરવા ભકતોની ભારે ભીડ જામી હતી. શહેરના સેકટર-૭, ૨૧, ૨૪, અને ઘ-૫ પાસે આવેલા બજારમાં કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલી કલાત્મક મૂર્તિઓની બોલબાલા હતી. જયારે બજારમાં રૂ. ૧૫૦ થી ૫૦૦૦ સુધીની મૂર્તિઓ ઉપલબ્ધ હતી, જેમાં ભકતો ૩૦૦ થી ૧૫૦૦ સુધીની ગણેશજીની મૂર્તિ સૌથી વધુ ખરીદી કરતા હતા. આ વર્ષે ભકતોએ માટીની મૂર્તિ પર વિશેષ પસંદગી ઉતારતા માર્કેટરમાં સૌથી વધુ માટીની મૂર્તિનું વેચાણ થયું છે. જયારે બજારમાં મોટું-પતલું, બાહુબલી, કારમાં બેઠેલા, શ્રીકૃષ્ણના સ્વરૂપમાં તેમજ ડાયમંડવર્કથી શણગાર કરેલી કલાત્મક મૂર્તિઓએ બજારમાં આકર્ષણ જમાવ્યું હતું. જયારે ગત્ વર્ષે બજારમાં પીઓપીની મૂર્તિઓનું વેચાણ પુરજોશમાં થયું હતું. પરંતુ આ વર્ષે કારીગરોએ માટી, ચુનો, રાખ અને ઘાસનું મિશ્રણ કરીને તૈયાર કરવામાં આવી છે. જયારે કારીગરો માટી અને ફટકડીના મિશ્રણથી ગણપતિની મૂર્તિ તૈયાર થાય તે દિશામાં પણ કામ કરી રહ્યા છે. જેથી માટીની મૂર્તિ નદીમાં વિસર્જન કરવાથી પાણી શુદ્ધીકરણ થાય. ત્યારે આગામી વર્ષે આ પ્રકારની મૂર્તિ પણ બજારમાં આવે તો નવાઈ નહી. જયારે ગણેશ ચતુર્થીના દિવસથી શહેર ગણેશમય બની જશે. વિવિધ




સ્થળો પર મોટા પંડાલોમાં ધાર્મિક, સાંસ્કૃતિક, હાસ્યરસ, નાટક, ગરબા અને બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ સહિતના કાર્યક્રમો યોજાશે. રાત્રીના સમયે કાર્યક્રમો નિહાળવા માટે ગણેશજીના પંડાલોમાં ભકતોનું ઘોડાપુર ઉમટશે. જયારે ગણેશ ભકતો મૂર્તિની ખરીદી બાદ પૂજાપો તેમજ સ્થાપન માટે લાલ કપડું, ખેસ, મુગટ, તોરણ, હાર સહિતના વધારાના શણગાર માટે રૂ. ૫૦ થી લઈને ૧૫૦ સુધી ખર્ચ કરતા હતા. જયારે વિધ્નહર્તા ગણેશજીના આગમનથી શહેરમાં પણ અનોખુ ભકિતમય વાતાવરણ જોવા મળશે. જયારે તંત્રના નિયમોની ઐસી તૈસી કરીને કેટલાક વેપારીઓએ પીઓપીની મૂર્તિનું પણ વેચાણ કર્યું હતું.



---

# સે-૮ આમ્રકૂંજ સોસાયટી ખાતે ગણેશ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

આવતી કાલ તારીખ ૧૩મી સપ્ટેમ્બરથી શહેરમાં ઠેર ઠેર ગણેશ મહોત્સવ ધાર્મિક જનતા દ્વારા કરવામાં આવે છે, જેના ભાગરૂપે ગાંધીનગર સેકટર-૮- બી માં આવેલ આમ્રકૂંજ સોસાયટી (ગણેશ ચોક)માં પણ આ મહોત્સવ યોજવામાં આવશે.

દસ દિવસ માટે યોજાનારા ગણપતિ ઉત્સવમાં સુંદરકાંડ, સત્યનારાયણની કથા, વિવિધ અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમનો લાભ લેવા માટે સેકટરના ધાર્મિક પ્રજાજનોને જણાવવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. ચૌહાણ રૂપાબેન રામસિંહ, ઉ.વ. ૮૦
- સ્વ. જીજ્ઞાસા સત્યનારાયણ શાહ, ઉ.વ. ૪૯